આદ્ય ગચ્છસ્થાપક



ષડ્દર્શન વિશારદ મુનિપ્રવર
મોહજિતવિજયજી મ.સા.
(મોટા પંડિત મ.સા.)

# શ્રી મોહજિતવિજયજી સમુદાય

વર્તમાન ગચ્છાધિપતિ



ધર્મતીર્થ સંરક્ષક આચાર્યદેવેશ શ્રીમદ્વિજય
યુગભૂષણસૂરિ મ.સા.
(પંડિત મ.સા.)

**આ. વિ. કલ્પભૂષણસૂરિ**

19.10.2020 Ref: 202010G-

## સકળ શ્રી સંઘ યોગ્ય એક જાહેર ખુલાસો

ષડ્દર્શનવિશારદ, યોગમાર્ગમર્મજ્ઞ, દેશકાળના અજોડ જ્ઞાતા, વિદ્વદ્વર્ય મુનિપ્રવર પ. પૂ. મોહજિતવિજયજી (મોટા પંડિત) મ. સા. ના સમુદાયના પટ્ટધર ગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી વિ. યુગભૂષણસૂરીશ્વરજી (પંડિત મહારાજ)નું રોકાણ પોતાના વિશાળ શ્રમણ-શ્રમણીવૃંદ સાથે આ ચાતુર્માસ પૂર્વે શ્રી ઘાટકોપર જૈન શ્વે. મૂ. પૂ. તપગચ્છ સંઘ (નવરોજી લેન સંઘ), ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ ખાતે કોરોનાના કારણે લંબાયેલું. તે દરમિયાનમાં તપાગચ્છીય પ્રવર સમિતિ દ્વારા કોરોનાના સંદર્ભમાં સકળ શ્રી સંઘ જોગ નિવેદનો જારી થયેલા. તે નિવેદનોની વિરુદ્ધ ત્યાંના પ્રમુખ દ્વારા અમારા ગચ્છાધિપતિ અને ખાસ કરીને અમારા પ્રવર્તિની સાધ્વીજી સાથે અનુચિત વર્તન થયેલ. ભવિષ્યમાં તપાગચ્છના અન્ય કોઈ પંચમહાવ્રતધારી, સંયમી સાધુ-સાધ્વી સાથે તપાગચ્છના કોઈપણ સંઘમાં કોઈના પણ દ્વારા તેનું પુનરાવર્તન ન થાય તે માટે મારા ગુરુદેવ – અમારા ગચ્છાધિપતિશ્રીએ એક તિથિ પક્ષના સર્વોચ્ચ સ્થાને ગણાતી પ્રવરસમિતિના પાંચે પૂજ્ય વડીલોનું વિનયપૂર્વક ધ્યાન દોરતા બે પત્રો લખેલા. પ્રવરસમિતિએ તે બાબતે નવરોજી લેન સંઘની કમીટી પાસેથી લેખિતમાં ખુલાસો મંગાવી તા. 28-08-2020ના રોજ તેમને લેખિતમાં clean chit નો નિર્ણય મોકલી આપેલ. ત્યારબાદ તે પત્ર social media પર viral થયેલ, જેની નકલ આ સાથે



attach કરેલ છે. તેના કારણે સંઘ આખામાં ઘણાને આ બાબતે વિમાસણો, મૂંઝવણો, અટકળો, ભ્રમણાઓ અને ગેરસમજો ઊભી થઈ છે.

મારા પૂજ્ય ગુરુદેવ અસાધારણ સહિષ્ણુતાદિ ગુણોને ધારણ કરનારા છે. અમોએ પ્રત્યક્ષ જોયું છે કે ગુરુદેવે પોતાના જીવનમાં ક્યારેય પણ વડીલ પૂજ્યો માટે ટીકાત્મક વાતો જાહેર કરી નથી. અરે ! પૂજ્યો તરફથી કદાચ કષ્ટદાયક, અપમાનજનક કે ભેદભાવયુક્ત વ્યવહાર થયો હોય તોપણ તેને શાંતિથી મૌનપણે સહન કર્યો છે. માત્ર જ્યારે કોઈ વાત તેઓને પ્રામાણિકપણે શાસ્ત્ર અનુસાર શાસનના હિતથી વિરુદ્ધની લાગે તો ક્યારેય પણ ક્યાંય નમતું જોખ્યું નથી. તેમના આ સત્ત્વના કારણે જ તેઓ આ unofficially viral થયેલ પોતાના વિરોધી પત્રનો પણ કોઈ પ્રતિભાવ આપવા ઇચ્છતા નહોતાં. પરંતુ અમ પરિવારને સંઘમાં ભવિષ્યમાં અમારી આરાધનામાં કોઈ મોટા વિક્ષેપ ઊભા ન થાય તેવા અમારા આગ્રહથી તેઓએ મને આ નિવેદન જારી કરવાની સંમતિ આપી છે. તેથી તેમના પ્રથમ શિષ્ય અને સમુદાયના એક આચાર્ય તરીકે હું આ વાસ્તવિકતા સકળ શ્રી સંઘ સમક્ષ અતિ સંક્ષેપમાં જાહેર કરું છું :

(1) પ્રવરસમિતિએ નવરોજીલેન શ્રી સંઘની કમીટી પાસેથી મંગાવેલ ખુલાસાઓ સામે પ્રતિપક્ષની વાતો જાણ્યા વિના જ અમારી વાતની સંપૂર્ણ ઉપેક્ષા કરી ઉપર જણાવ્યા મુજબનો એકતરફી નિર્ણય આપ્યો છે. જેની આજ દિવસ સુધી તેમણે મારા ગુરુદેવને જાણ સુદ્ધાં કરી નથી. આ રીતે અપાયેલો આ નિર્ણય તે પૂજ્યોની તટસ્થતા ઉપર પ્રશ્નાર્થ ઉપસ્થિત કરે છે. આગમમાં એકપક્ષી નિર્ણય આપનાર (વ્યવહાર છેદ કરનાર) માટે બહુ શોકજનક વિધાનો કરેલાં છે.

(2) તે નિર્ણયમાં નવરોજી લેન સંઘની કમીટીએ ભક્તિનું સુંદર કાર્ય જ કર્યું છે, તેથી ભવિષ્યમાં આનાથી પણ વધુ સુંદર કાર્ય કરતા રહેશો તેમ જણાવ્યું તે અફસોસજનક



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai - 400 080
**Whatsapp No.: 99300 11400 | Email: info@jyot.in**



છે. કારણ કે ત્યાંના પ્રમુખના અસભ્ય વર્તનના ઠોસ પુરાવા મોજુદ છે, તે જાહેરમાં મૂકાય તો કદાચ તે પૂજ્યોની ગરિમા વધારે ઝંખવાય તેમ છે.

(3) મારા ગુરુદેવે પ્રવરસમિતિના પૂજ્યોને જણાવેલ હકીકતો અહીં જણાવેલ ખુલાસાઓ અનુસાર મજબૂત આધારો અને નક્કર પુરાવાઓ યુક્ત હોવા છતાં તેઓએ એકતરફી clean chitનો નિર્ણય આપી સાથે લખ્યું કે 'આ. શ્રી યુગભૂષણસૂરિજીના પત્રમાં લખેલ બાબતોમાં વજૂદ નથી', જે વાત મંજૂર થઈ શકે તેમ નથી, તેથી **અમે તેને વિનયપૂર્વક નામંજૂર કરીએ છીએ.**

(4) તેઓએ પોતાના નિર્ણય સાથે અમારા પ્રત્યે પરાયાપણાનો ભાવ અભિવ્યક્ત કરતી અપ્રાસંગિક વાત લખી છે કે "નોંધ – આ. શ્રી યુગભૂષણસૂરિજી (પંડિત મ.સા.) સ્વ. આ. શ્રી રામચંદ્રસૂરિજી મ. સા. ના શિષ્ય છે, તેઓ ભલે તેમના સમુદાયમાં ન હોય, પરંતુ તેમને સ્વતંત્ર સમુદાય તરીકેની માન્યતા અમે ક્યારેય આપી નથી, તે આપની જાણ ખાતર."

આ બાબતે જણાવવાનું કે :

(i) મારા ગુરુદેવ પ. પૂ. તપસ્વી હિમાંશુસૂરિ મહારાજ કે પ. પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી (પંન્યાસજી મહારાજ)ની જેમ પૂ. રામચંદ્રસૂરિજી મ. સા. ના શિષ્ય છે તે જગપ્રસિદ્ધ જ છે.

(ii) સમુદાય તરીકે માન્યતા માટેની શાસ્ત્ર કે ઇતિહાસમાં કોઈ વિધિ પ્રસિદ્ધ હોય તેવું અમે સાંભળ્યું કે વાંચ્યું નથી. ઉપરાંત અમારે તો તીર્થંકર કથિત આગમ વચનથી મળતી ગચ્છ તરીકેની માન્યતા જ સર્વોપરિ છે. તેથી બીજાની માન્યતા ન હોય તો તેનો અમને કોઈ છોછ નથી. (જોકે અમારી પાસે માન્યતાના પુરાવા પણ છે.)



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai - 400 080
**Whatsapp No.: 99300 11400 | Email: info@jyot.in**



શાસ્ત્રમાં ગચ્છ માન્યતા માટે જઘન્યથી એક આજ્ઞામાં રહેલ ત્રણ સાધુની આવશ્યકતા સામે અત્યારે મારા ગુરુદેવની આજ્ઞામાં તેનાથી કંઈ ગણા અધિક શ્રમણ-શ્રમણી સંયમધર્મની સુંદર આરાધના કરી રહ્યા છે.

નોંધ : 'સંઘમાં જાહેર નિર્ણયો કરનાર સાધુમાં માધ્યસ્થતાદિ અનેક ગુણોની આવશ્યકતા સૂચક' અને 'સમુદાય-ગચ્છની માન્યતા બાબત'ના કેટલાક શાસ્ત્રપાઠો સામેલ છે.

આ ખુલાસામાં અનાભોગથી જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈપણ વિધાન થયું હોય તો મિચ્છા મિ દુક્કડમ્.

સર્વ વડીલોને અમારી વંદના, સુખશાતા પૃચ્છા.

**ગચ્છાધિપતિ આ. વિ. યુગભૂષણસૂરીશ્વરજી મહારાજાનો ચરણસેવક**



**આ. વિ. કલ્પભૂષણસૂરિ**

દ્વિતીય આસો સુદી ત્રીજ, તા. 19-10-2020.

## શ્રી સંઘમાં જાહેર નિર્ણયો કરનાર સાધુમાં મધ્યસ્થતા આદિ ગુણોની આવશ્યક્તા સૂચક અને સમુદાય- ગચ્છની માન્યતા બાબતે કેટલાક શાસ્ત્રપાઠો



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai - 400 080
**Whatsapp No.: 99300 11400 | Email: info@jyot.in**



(1) વ્યવહારસૂત્ર ભાગ 1 ગાથા 13 ટીકા, ગુરુતત્ત્વવિનિશ્ચય ઉલ્લાસ 2 ગાથા 59 ટીકા

ये हि गीतार्था अपि सन्तोऽपरलञ्चामुपजीव्य व्यवहारं परिच्छिन्दन्ति, ये च लञ्चानुपजीविनोऽपि ममायं भ्राता ममायं निजक इति पक्षेण तं परिच्छिन्दन्ति तेषां माध्यस्थ्यरूपस्य भावस्याभावेनाप्रधानत्वात्, एतदेवाह-यत् तेषां अगीतार्थानां गीतार्थानां च लञ्चापक्षोपजीविनां यथाक्रमं मोहाद् अज्ञानात्तथा रागद्वेषाभ्यामप्रधान्यम् । तथा च न यत्किञ्चिद्भावमात्रेण द्रव्यत्वव्याघातो यावता भावसामग्र्येण प्राधान्यं निष्पद्यते तावदभावे द्रव्यत्वव्यवस्थितेरिति नैकैकापेक्षयोभयेषां प्राधान्येऽपि दोष इति युक्तमीक्षामहे ।।59।।

જે ગીતાર્થો પણ ભૌતિક લાભ જોઈને વ્યવહાર કરે અથવા આ મારો ભાઈ ઇત્યાદિ આવા મારા-તારાના પક્ષપાતથી જે અમધ્યસ્થતાથી વ્યવહારપરિચ્છેદ કરે તેનો વ્યવહાર અગીતાર્થના વ્યવહારછેદ તુલ્ય જ કહ્યો છે અને એને સાચો ભાવવ્યવહારપરિચ્છેદ કહ્યો નથી.

(2) ગુરુતત્ત્વ વિનિશ્ચય ઉલ્લાસ 2, શ્લોક 108 મૂલ

**मज्झत्थाण बहूणं, तम्हा सक्खं दिसं तु अवहरइ ।**

ખોટી રીતે વ્યવહારછેદ કરનારનું આચાર્યપદ જાહેરમાં મધ્યસ્થ પુરુષોની સાક્ષીએ અપહરણ કરવાની શાસ્ત્રાજ્ઞા છે.

(3) વ્યવહારસૂત્ર ભાગ-6 અધ્યયન 10, ગાથા 3987 ટીકા

इत्येवं पञ्चविधं क्षेत्रश्रुतादिभेदतः पञ्चप्रकारमाभवद्व्यवहारं स्वस्थाने आत्मीये आत्मीये स्थाने, यथा क्षेत्रोपसम्पदि यद् उपसम्पद्यमानस्य आऽऽभवति तत् तथैव व्यवहरति । एवं शेषेष्वपि स्थानेषु वक्तव्यम् । जिनानामाज्ञया करोति परिपालयति स ध्रुवमन्ते आराधनां प्राप्नोति, जिनाज्ञायाः परिपालितत्वात् । तद्विपरीतः



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai - 400 080
Whatsapp No.: 99300 11400 | Email: info@jyot.in



आभवद्व्यवहारविपर्यासकारी विपर्यासं प्राप्नोति, नाऽऽराधनामन्तकाले प्राप्नोतीति भावः ।।3987।।

ક્ષેત્ર, શ્રુત આદિના ભેદથી પાંચ પ્રકારના થતા વ્યવહારને વિષે જે સાધુ તે તે સ્થાને યોગ્ય રીતે જિનાજ્ઞા વડે વ્યવહાર કરે છે તે અંતે નિશ્ચે આરાધનાને પામે છે. વળી, જે સ્થાનમાં જેનો વ્યવહાર થાય તેનાથી ઊંધી રીતે વ્યવહાર કરતો અંતકાળમાં આરાધનાને પામતો નથી.

**(4) વ્યવહારસૂત્ર ભાગ-1 ગાથા 14 ટીકા**

अत्र 'अनिश्रितव्यवहारकारिण' इति किमुक्तं भवति ? लञ्चोपचारनिरपेक्षव्यवहारकारिणः, न रागेण व्यवहारकारिणः अनुपश्रितव्यवहारकारिणः इति, किमुक्तं भवति ? पक्षपातनिरपेक्षव्यवहारपरिच्छेत्तार इति ।।14।।

વ્યવહારછેદ કરનારા ગીતાર્થ ભૌતિક લાભના ઉપચારથી નિરપેક્ષ હોય અને અનિશ્રિત, અનુપશ્રિત અર્થાત્ રાગ-દ્વેષ વગર ( મધ્યસ્થતા પૂર્વક ) વ્યવહારછેદ કરનારા હોય.

**(5) ગુરુતત્ત્વ વિનિશ્ચય ઉલ્લાસ 2, શ્લોક 86 ટીકા**

तदेवमुक्तं छेदार्थज्ञानगुणस्य प्राधान्यं व्यवहारित्वे, एतदेव समकक्षमध्यस्थत्वगुणान्तर्भावेनोपसंहरन्नाह-

'तम्ह'त्ति । तस्माच्छेदार्थविन्मध्यस्थश्चैव भवति व्यवहारी, न पुनरज्ञातज्ञानभारो गर्दभ इव फलतोऽनधिगतचन्दनभारो मायी मृषावादी च, ज्ञानवतोऽप्यमध्यस्थस्याव्यवहारित्वात् ।।86।।



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai - 400 080
**Whatsapp No.: 99300 11400 | Email: info@jyot.in**



નિર્ણય આપવા માટે શાસ્ત્રજ્ઞાન હોવા છતાં ગીતાર્થ પણ જો અમધ્યસ્થ હોય તો તેને ન્યાય તોળનાર તરીકે અનધિકારી કહ્યા છે.

**(6) ગુરુતત્ત્વ વિનિશ્ચય ઉલ્લાસ 2, શ્લોક 145 મૂલ-ટીકા**

अथ कीदृशेन व्यवहारश्छेत्तव्यः ? तत आह -

**पव्वज्ज खित्त कालं, णाउं उवसंपयं च पंचविहं ।**

**तो संघमज्झयारे, ववहरियव्वं अणिस्साए ।।145।।**

'पव्वज्ज'त्ति । तत् तस्मात्प्रव्रज्यां क्षेत्रं कालं पञ्चविधामुपसम्पदं च ज्ञात्वा सङ्घमध्येऽनिश्रयाऽऽहारादिप्रदायिषु स्वकुलसम्बन्धादिषु वा रागाकरणत इतरेषु द्वेषाकरणतश्च व्यवहर्त्तव्यम् ।।145।।

જે કારણથી ખોટો ન્યાય તોળવાથી દીર્ઘ સંસાર થાય છે, તે કારણથી પ્રવ્રજ્યા, ક્ષેત્ર, કાલ અને પાંચ પ્રકારની ઉપસંપદાને જાણીને સંઘમાં રાગ-દ્વેષ વગર મધ્યસ્થતા પૂર્વક ન્યાય તોળવો જોઈએ.

**(7) ધર્મસંગ્રહ ભાગ 3, ગાથા 153 ટીકા**

(कतिजनाः द्वारं) तथा जघन्यतस्त्रय उत्कर्षतश्च द्वात्रिंशत्सहस्राण्येकस्मिन् गच्छे स्युः।

એક આજ્ઞામાં રહેલા જઘન્યથી 3 સાધુનો ગચ્છ થાય છે અને ઉત્કૃષ્ટથી 32,000 સાધુનો ગચ્છ થાય.

**(8) બૃહત્કલ્પસૂત્ર મૂલ-ભાષ્ય-નિર્યુક્તિ ભાગ-2 ગાથા 1630 મૂલ, મલયગિરિસૂરિ ટીકા**

**तिगमाईया गच्छा, सहस्स बत्तीसई उसभसेणे।**

**थंडिल्लं पि य पढमं, वयंति सेसे वि आगाढे।।1630।।**



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai - 400 080
**Whatsapp No.: 99300 11400 | Email: info@jyot.in**



एकस्मिन् गच्छे जघन्यतस्त्रयो जना भवन्ति, गच्छस्य साधुसमुदायरूपत्वात्, तस्य च त्रयाणामधस्तादभावादिति। तत ऊर्द्ध्वं ये चतुःपञ्चप्रभृतिपुरुषसङ्ख्याका गच्छास्ते मध्यमपरिमाणतः प्रतिपत्तव्यास्तावद् यावदुत्कृष्टं परिमाणं न प्राप्नोति। किं पुनस्तत्? इति चेद् अत आह-"सहस्स बत्तीसई उसभसेणे" त्ति द्वात्रिंशत् सहस्राण्येकस्मिन् गच्छे उत्कृष्टं साधूनां परिमाणम्, यथा श्रीऋषभस्वामिप्रथमगणधरस्य भगवत ऋषभसेनस्येति।

એક ગચ્છમાં એક આજ્ઞામાં રહેલા જઘન્યથી 3 સાધુઓ હોય છે. એનાથી ઓછા હોય તો ગચ્છ થતો નથી. વળી, 4-5-6 આદિનો સમુદાય મધ્યમ પરિમાણવાળો ગચ્છ થાય અને ઉત્કૃષ્ટથી 32,000નો સમુદાય ગચ્છ થાય, જે ઋષભદેવ પ્રભુના પ્રથમ ગણધર ઋષભસેન ગણધર અર્થાત્ પુંડરીક ગણધર ભગવાનનો હતો.



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai - 400 080
**Whatsapp No.: 99300 11400 | Email: info@jyot.in**

॥ શ્રી વીતરાગાય નમઃ ॥

# તપાગચ્છીય પ્રવરસમિતિ

- તપાગચ્છાધિપતિ આચાર્ય શ્રી મનોહરકીર્તિસાગરસૂરિજી
- ગચ્છાધિપતિ આચાર્ય શ્રી વિજયહેમચંદ્રસૂરિજી
- ગચ્છાધિપતિ આચાર્ય શ્રી વિજયઅભયદેવસૂરિજી (કાર્યવાહક)
- ગચ્છાધિપતિ આચાર્ય શ્રી રાજેન્દ્રસૂરિજી
- ગચ્છાધિપતિ આચાર્ય શ્રી દોલતસાગરસૂરિજી

સંવત-૨૦૭૬, ભાદરવા સુદ-૧૦
તા. ૨૮-૮-૨૦૨૦, શુક્રવાર

શ્રી ઘાટકોપર જૈન શ્વે.મૂ.તપગચ્છ સંઘ (નવરોજી લેન)

યોગ્ય ધર્મલાભ

દેવગુરૂકૃપાથી શાતમાં છીએ.

આ.શ્રી યુગભુષણસૂરિજી એ તમારા સંઘ બાબત પાંચ પેજનો એક પત્ર લખેલો જેના ખુલાસા અમે તમારી પાસે મંગાવેલા જે અંગે તા.૧૯-૬-૨૦૨૦ના લખાયેલો સાત પેજનો પત્ર તમારો મળ્યો છે. જેમા થયેલા ખુલાસા વાંચીને અમોને પૂર્ણ સંતોષ થયો છે. તમો સહુ આને ભૂલી જશો આ. શ્રી યુગભૂષણસૂરિજીના પત્રમાં લખેલ બાબતોમાં વજુદ નથી.

નોંધ :- આ.શ્રી યુગભૂષણસૂરિજી (પંડીત મ.સા.) સ્વ.આ.શ્રી રામચંદ્રસૂરિજી મ.સા.ના શીષ્ય છે. તેઓ ભલે તેમના સમુદાયમાં ન હોય પરંતુ તેમને સ્વતંત્ર સમુદાય તરીકેની માન્યતા અમે ક્યારેય આપી નથી તે આપની જાણ ખાતર.

પોતાની આરાધના તથા સંઘની સેવામાં આગળ વધશો.

તમારા શ્રી સંઘે ૭૦થી વધુ મહાત્માઓની લોકડાઉન દરમ્યાન ખૂબ સુંદર ભક્તિ કરી તેની અનુમોદના સહ ભવિષ્યમાં આનાથી પણ વધુ સુંદર ભક્તિ કરતા રહો તેવા શુભાશિષ.

આરાધનામાં ઉજમાળ રહેશો.

| પ્રવરસમિતિના પૂજ્યશ્રીઓ | સહી |
|---|---|
| • તપાગચ્છાધિપતિ આચાર્ય શ્રી મનોહરકીર્તિસાગરસૂરિજી | મનોહરકીર્તિ સાગરસૂરિ |
| • ગચ્છાધિપતિ આચાર્ય શ્રી વિજયહેમચંદ્રસૂરિજી | વિજય હેમચન્દ્રસૂરિ |
| • ગચ્છાધિપતિ આચાર્ય શ્રી વિજયઅભયદેવસૂરિજી (કાર્યવાહક) | વિજય અભયદેવસૂરિ |
| • ગચ્છાધિપતિ આચાર્ય શ્રી રાજેન્દ્રસૂરિજી | આ. રાજેન્દ્રસૂરિ મ.સા. |
| • ગચ્છાધિપતિ આચાર્ય શ્રી દોલતસાગરસૂરિજી | દોલતસાગર |

પત્ર વ્યવહાર સંપર્ક : પ.પૂ.ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી વિજય અભયદેવસૂરીશ્વરજી મ.સા.
BHARAT GRAPHICS : A-212, Safal-9, Dudheshwar Road,
Nr. Maheshwari Estate, Shahibag, Ahmedabad-380004
Tushar Shah Mo. 095107 52602, E-mail : abhayfoundation1@gmail.com
વિહાર સંપર્ક : 97370 42431, વોટ્સપ નંબર : 97370 42432